# ગુજરાતની પાયાની કેળવણી ક્ષેત્રમાં વેડછીનું પ્રદાન

ર્ડા.કે.જી.પટેલ.
(પી.ટી.સી.,એમ.એ.બી.એડ.,એમ.ફીલ.,પીએચ.ડી.)
(એમ.ફીલ. અને પીએચ.ડી.ગાઈડ)
ઈન્ચાર્જ પ્રીન્સિપાલ ગર્વન્મેન્ટ આર્ટસ કોલેજ,ઉમરપાડા, સુરત

**પ્રસ્તાવના :–** દક્ષિણ ગુજરાતમાં વેડછીની રચનાત્મક પ્રવૃત્તિઓનો તો એટલો પ્રસાર અને પ્રભાવ રહયો કે જયાં જયાં આવી રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસી તે વેડછીકરણ ગણાયું. તે–તે પ્રદેશો વેડછી પ્રદેશમાં સમાયા. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતના મોટા ભાગના પ્રદેશો વેડછી કરણમાં સમાયા. એટલે સમગ્ર દક્ષિણ ગુજરાતના વિસ્તારને બુનિયાદી શિક્ષણ તથા ગાંઘીવાદી પ્રવૃત્તિઓના સંદર્ભમાં સમજવા વેડછી પ્રદેશ કહેવાય છે. અસહકાર આંદોલનીથી જેપી આંદોલન સુઘીમાં એવું તે શુ બન્યું કે વેડછી આદિવાસી ક્રાંતિનું કેન્દ્ર બન્યું? ગુજરાત નકસલ પ્રભાવિત વિસ્તાર નથી, તેના મૂળમાં વેડછીની કેળવણીનું પ્રદાન કેટલું? તે સમજવાનો તથા તે સમયગાળાનો ઈતિહાસ તપાસવાનો ઈતિક્રમ છે. વેડછીની કેન્દ્રીય સંસ્થાઓ એટલે સ્વરાજ આશ્રમ, રાનીપરજ સેવાસભા અને ગાંઘીવિદ્યાપીઠનો સમાવેશ થાય છે. જે વેડછી પ્રદેશની મઘ્યવર્તી સંસ્થાઓ છે.

શ્રી જુગતરામભાઈ દવે ઈ.સ.૧૯૨૬ માં વેડછી આવ્યા અને ઈ.સ.૧૯૬૨ માં અખિલ ભારતીય સર્વોદય સંમેલન વેડછીમાં યોજાયું. ત્યાં સુઘોના ૩૬ વર્ષના સમયગાળામાં વેડછી પ્રદેશના આદિવાસી પછાત, અભણ, ભારે વ્યસનગ્રસ્ત, ભગતભૂવામાં જ અંઘશ્રદ્ધાળું, શાહુકાર, જમીનદાર, કલાલ, પોલીસ, જમાદાર, અમલદાર, જંગલ કોન્ટ્રાકટરો, વેપારીઓ વગેરે દ્વારા અનેક રીતે શોષિત હતા. તેમનામાં જુગતરામભાઈ અને તેમના નિષ્ઠાવાન સાથી કાર્યકરો દ્વારા થયેલા અનેક રચનાત્મક કાર્યક્રમોને કારણે આવેલી જાગૃતિ, દારૂબંઘો અપનાવી, ખાદી સ્વિકારી, ગણોત ઋણ વગેરે શોષણમાંથી મળેલી મુકિત, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે જેલ, દમન, લાઠીમાર, ગોળીબાર તથા જૂતામાર સહન કરવાનું મનોબળ વિવિઘ પ્રકારના શોષણમાંથી મુકિત અપાવ્યાની માહિતી અખિલ ભારત સર્વોદય સંમેલન વેડછી નિમિત્તે ૧૯૬૨માં પઘારેલા શ્રી જયપ્રકાશજીએ જાણ્યા પછી થયેલા **પ્રથમ સંમેલનમાં કહેલું કે :'મૈ તો ઐસા જાનતા થા કિ સારે હિન્દુસ્તાનમેં ઈઘર–ઉઘર**

**ઘૂમકે ભાષણ દેને સે હી ક્રાંતિ હો જાયેગી, લેકિન એક જગહ બૈઠ કે ભી ઈતની બડી ક્રાંતી હો સકતી હૈ વહ મૈંને વડછીમેં જાના.''**

**ગુજરાતમાં હજી સદ્યો નક્સલવાદ પ્રગટ થયો નથી** એ માટે ઘણો પરિબળો જવાબદાર હશે, પરંતુ એક ખાસ પરિબળની વાત અહીં કરવી છે. લગભગ પચાસ–સાઠ વર્ષોથી ગુજરાતના જંગલ વિસ્તારોમાં ગાંઘીજીની પ્રેરણાથી ચાલતી આશ્રમશાળાઓ અને ઉત્તરબુનિયાદી નિશાળો ઉપરાંત કેટલીક ગ્રામવિદ્યાપીઠોનું નેટવર્ક તૈયાર થતું ગયું છે. છોટા ઉદેપુર, કવાંટ, નસવાડી અને રંગપુરમાં છેક ૧૯૫૫–૫૭ થી શ્રી હરિવલ્લભ પરીખની સંસ્થાએ આદિવાસી શિક્ષણ અને કલ્યાણનાં કામો કર્યા છે. એજ રીતે સદ્ગત શ્રીજુગતરામ દવેની તપશ્ચર્યાને કારણે બારડોલી–વાલોડ–વ્યારા ઉપરાંત સોનગઢ–ઉચ્છલ–નિઝર જેવા જંગલ વિસ્તારોમાં આશ્રમશાળાઓનું રળિયામણું નેટવર્ક રચાયું. તેને શ્રી અરવિંદભાઈ દેસાઈ, શ્રી ઝીણાભાઈ દરજીએ પોષણ પુરૂ પાડેલુ. એજ પ્રમાણે ડાંગના જંગલ વિસ્તારોમાં છેલ્લા ૬૦ વર્ષોથી સદ્ગત છોટુભાઈ નાયક અને શ્રી ઘેલુભાઈ નાયકની બંધુબેલડીએ આદિવાસીઓની સેવામાં જીવન હોમી દિઘું છે. આજે આચાર્યો અને શિક્ષકોમાં નિષ્ઠાચોરીનો આક્ષેપ મુકાતો રહે છે. એવા સમયમાં પણ બુનિયાદી વિદ્યાલયોમાં ખાસ્સી નિષ્ઠા બચેલી હોય એવો અનુભવ થાય છે. આવુ શૈક્ષણિક નેટવર્ક ગુજરાતની મોટી આદિવાસી પટ્ટીમાં વર્ષોથી વિકાસ પામ્યું ન હોત તો નક્સલવાદ ગુજરાતમાં કયારનોય પ્રગટ થયો હોત. આ નેટવર્કને કારણે આદિવાસી વિસ્તારમાં થતા અત્યાચારો અને ઘર્માંતરો પર પણ ખાસ્સી બ્રેક લાગી છે.[૧]

**વેડછી સ્થાપનાની ભીતરમાં :**– અસહકારનું આંદોલન મોકૂફ રહેતાં ગાંઘીજીના **'ગામડે જાઓ'**ના આદેશથી જુગતરામભાઈ દવે ઈ.સ.૧૯૨૪ માં સરભોણ આશ્રમમાં આવી પહેલી સગવડે આશ્રમ વિદ્યાલય ખોલ્યું. આશ્રમમાંજ રહેનાર એવા થોડા વિદ્યાર્થીઓ રાખ્યા. તેની જાણ થતાં લક્ષ્મીદાસભાઈએ રામેસરાથી પાંચ ભીલ બાળકો મોકલ્યા. બારડોલી આશ્રમના ખાદીકાર્યકર્તા કેશવભાઈએ તેમની તરફના ગામ ઉભેળથી પોતાના કુટુંબના બે બાળકો મોકલ્યા.આમ વિદ્યાલય ચાલું થયું. તેનું જુદુ રસોડું પણ ચાલું કર્યુ. વિદ્યાલયમાં નિયમિત સફાઈ, કાંતણ,પીંજણના ઉદ્યોગો ચલાવાતા.[૨]

સરભોણ આશ્રમમાં નરહરિભાઈ અને તેમના સાથીઓ દુબળવાડમાં જતા. પીંજવાનું, કાંતવાનું, ભણવાનું સમજાવતા. રાત્રીશાળા ચલાવવાની શરૂઆત કરી. તે

દિવસોમાં એક વાર ઠકકરબાપા સરભોણ આવેલા. તેમને રાત્રીશાળામાં તેડી ગયા. ત્યાં તેમણે હળપતિઓને ભણાવ્યું–ગવડાવ્યું કે 'અમે ભણશું–ચોપડી વાંચીશું સ્વતંત્ર બનશુ, કોઈની ગાળ સહન ન કરીએ, માર સહન નહી કરીએ, અમારા બાળકને નિશાળે મોકલીશું...'

આવું થવાથી ત્યાંના ખેડૂતોએ આવી પ્રવૃત્તિનો જબરજસ્ત વિરોઘ કર્યો. તેથી રાનીશાળા બંઘ થઈ ગઈ. નરહરિભાઈ ઉપવાસ પર ઉતર્યા. તેથી સરદાર વલ્લભભાઈએ આવીને સમાઘાન કરાવી ગયા. તેથી રાત્રીશાળા તો ચાલું થઈ, પણ પહેલા જેવી સારી તો નજ ચાલી. આ પ્રસંગથી જુગતરામભાઈને ગામડામાં ઠંડી રીતે પડેલા વર્ગવિગ્રહનું દર્શન થયું. તેથી તેના કાયમી ઉકેલ તરીકે–ભલે લાબા ગાળાનો ઉકેલ શોઘી કાઢવા નકકી કર્યુ કે 'ઉગતી પેઢીને શિક્ષણ'આપવાનું શરૂ કરવું. તેથી લાંબાગાળે પરિવર્તન થશે.[૩]

સરભોણ આસપાસના ગામોમાં પરિભ્રમણ કરી જાત માહિતી મેળવી. રાનીપરજોનું શોષણ, દરિદ્રતાનો પરિચય થવા લાગ્યો. મનમાં વિચાર બંઘાવા લાગ્યો કે આ સુરત જિલ્લામાં ગ્રામવાસ કરવા આવ્યો છું તો રાનીપરજની સેવાજ કરવી જોઈએ. આવો વિચાર આવતાં સરભોણ આશ્રમમાં ચાલતા આશ્રમ વિદ્યાલય સાથે રાનીપરજનું નામ જોડવાનો વિચાર પાકયો. રાનીપરજ વિદ્યાલય મોટા પાયા પર કરવું હોય તો તેને માટે સરભોણ કરતાં બારડોલી આશ્રમ વઘારે ફાવશે એવી સૂચના મિત્રો તરફથી આવી.[૪]

**સ્વરાજ આશ્રમ બારડોલીમાં શિક્ષણ** :–ઈ.સ.૧૯૨૫ દરમિયાન આ વિદ્યાલય બારડોલી આવાતાંજ કલ્યાણજીભાઈ તેના શિક્ષક મંડળમાં જોડાવા આવી પહોંચ્યા. સરભોણ આશ્રમથી ઉત્તમચંદ પણ તેમની સાથેજ આવ્યા. બારડોલી આશ્રમમાં વિદ્યાલય આવ્યા પછી ખાદી સેવક મકનજી ભાણાભાઈએ પોતાના બે બાળકો દોલત અને બલ્લુંને તેમાં મૂકયા.ખોજથી કેશવ અને કલ્યાણ પણ આવ્યા. કુંવરજીભાઈએ પણ તમના બે પુત્રો ઈશ્વર અને ડાહયાભાઈને એમને સોંપ્યા. રામજી વણકર સાબરમતીથી બારડોલી આવ્યા હતા. તેમનો દિકરો હરખજી પણ તેમનો વિદ્યાર્થી થયો.

**વેડછીમાં શિક્ષણ પ્રવૃત્તિનો પ્રારંભ** :–વેડછીમાં ચૂનીભાઈ આવ્યા ત્યારથીજ આશ્રમી પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ હતી. બારડોલીના સ્વરાજઆશ્રમ સાથે વેડછી, અલગટ, પૂના વગેરે અનેક કેન્દ્રો સંકળાયેલા હતા. તેથી બઘા કેન્દ્રોને સ્વાભાવિક રીતેજ સ્વરાજ

આશ્રમનું નામ મળી ગયું. જેને બારડોલીમાં 'રાનીપરજ વિદ્યાલય' નામ આપવામાં આવ્યું. ત્યાં ઘણી સુવિધાઓ હતી પરંતુ જુગતરામભાઈ કહે છે તેમ બારડોલી રાનીપરજ અથવા આદિવાસીઓનો પ્રદેશ નહોતો કે આદિવાસીજીવન સાથેનો જીવંત સંપર્ક પણ નહતો. આથી તેમણે આ સંસ્થાને વેડછી ખસેડી નાખી.[૫]

વેડછી આવ્યા પછી 'આશ્રમ ઉદ્યોગ શાળા' એવુ નામ આપ્યું. નામનું રહસ્ય જુગતરામભાઈ આમ સમજાવે છેઃ 'નામ ઉપરથીજ લોકોને સમજાઈ જવું જોઈએ કે આ પુસ્તકિયા શિક્ષણ આપનારી સામાન્ય નિશાળ નથી. બે વર્ષના અભ્યાસમાં ૧૦૦ વાર ખાદી હાથશાળ ઉપર અને ૨૦૦ વાર ફટકાશાળ ઉપર વણવા તૈયાર હોય અને આગળ ઉપર પોતાના ગામમાં રહી ચૂનીભાઈના વગર પૈસાના ખાદીસેવક થવા માગતા હોય તેવાને માટેજ આ ઉદ્યોગશાળા છે એમ સૌ કોઈ સમજી જાય એવું નામ અમે રાખ્યું.'

**જુગતરામભાઈ અને એમની મંડળીના આવવાથી કર્મયોગી ચૂનીભાઈના કામમાં જુગતરામભાઈનો જ્ઞાનયોગ ઉમેરાયો.** ઈશ્વર પ્રત્યેની અને ગાંધીના મૂલ્યો પ્રત્યેની તેમજ જે પ્રજામાં કામ કરતા હતા તેમના પ્રત્યેની બંનેની ભકિતતો હતીજ. આમ,વેડછીના સ્વરાજ આશ્રમની ઉદ્યોગશાળામાં સહેજે કર્મ,જ્ઞાન અને ભકિતનો ત્રિવેણી સંગમ સધાયો.

ઉદ્યોગશાળામાં પહેલા પાંચ માસના કાર્યક્રમો વિચારાયા, તેમાં મુખ્યકામ વણાટ શિખવવાનું હતું. પણ પછી જુગતરામભાઈએ બે વર્ષનો પાઠયક્રમ વિચાર્યો :'મેં વિચાર્યુ કે આવા યુવકોમાંથી વધારે આશાસ્પદ ભાઈઓને જરા લાંબી બે વર્ષની તાલીમ કેમ ન આપીએ? તેઓ આ બે વર્ષમાં રોજ છ કલાક વણાટ કામ કરી વધારે પાકા વણકરો થઈ શકે. વળી તેમને રોજ બે કલાકનું અક્ષર શિક્ષણ આપીએ તો તેઓ હિસાબી કામ અને ગણિત શિખી જાય. ભાષા પણ સારી રીતે બોલતા અને લખતાં શીખે. બે વર્ષ દરમિયાન તેઓ દેશાટન કરી કંઈક જુએ–અનુભવે અને એક સારા ગ્રામસવકને જરૂરી એવી તાલીમ મેળવી લે.'

આમ, જુગતરામભાઈએ આવતાંની સાથે વેડછી ક્ષેત્રમાં આશ્રમી કેળવણીનો પાયો નાખ્યો. ચૂનીભાઈ જે શરૂ કરી ચૂકયા હતા તેને વધુ શાસ્ત્રીય સ્વરૂપ આપ્યું. જે ખાદીકામની તાલીમ હતી તેને આત્મરચનાનું સ્વરૂપ મળ્યું. આ ક્ષેત્રમાંથીજ આ ક્ષેત્રના સેવકો ઊભા કરવાની સમગ્ર કલ્પનાનો આનાથી પાયો નંખાયો.[૬]

એમણે વિચાર્યુ કે આ જંગલ વિસ્તારમાં રહેલી પ્રજામાં વ્યાપક કેળવણી પહોંચાડવી હોય તો તેમની વચ્ચે કાંતવા–વણવા જેવા ઉદ્યોગો કેન્દ્રમાં રાખી શિક્ષણ સંસ્કાર સાથે એવા આશ્રમો ઠેકાણે–ઠેકાણે ચાલવા જોઈએ. તેવા સેવકો અહીંના સગવડ ભરેલા જીવનમાં બહારથી બહું આવી મળે એવી આશા રાખી શકાય નહી. આ પ્રદેશનાજ યુવકોને તાલીમ આપીને તેમાંથીજ ગ્રામસેવકો તૈયાર કરવા જોઈએ.

ચૂનીભાઈનોતો આવી યોજનાનો ટેકો હોયજ. કારણ તેઓ અત્યાર સુઘી ચાર વરસોમાં રાનીપરજના આશક બની ચૂકયા હતા. મોટી વાત તો એ હતી કે આ યોજનાને સરદાર પટેલનો ટકો મળ્યો. આ વિચક્ષણ પુરૂષને આજની પેઢીના લોકો બહું–બહું તો દેશીરાજયોને  એક કરનારા કે લોખંડી પુરૂષ તરીકે ઓળખે છે. પણ એ પુરૂષ આઝાદીના લડવૈયા જેટલાજ કુશળ આબાદીના ઘડવૈયા હતા. એ ઓછા લોકો જાણે છે. એમણે થેડીક વારમાં સમજી લીઘુ કે જયાં જુગતરામભાઈ જેવા સેવકો ઘૂણીઘખાવીને બેસે ત્યાં સ્વરાજની લડતનું કેન્દ્રતો બનેજ સાથે સાથે ભારતના નવનિર્માણનું પણ એ કેન્દ્ર બની રહે. સ્વરાજ આવ્યું ત્યાં સુઘી આર્થિક બાબતમાં સ્વરાજ આશ્રમ વેડછીને કદી ચિંતા કરવા દીઘી નહિ.

**વેડછીનું શિક્ષક મંડળ :**–વડોદરાના  રેલરાહત કાળથી પરિચિત એવા મગનભાઈ શંકરભાઈ પટેલની યોજના શકિત હતી. ગુજરાત વિદ્યાપીઠથી તાજા સ્નાતક  બનીને આવેલ ગોરઘનદાસ ચોખાવાળા મકાનો બનાવવાના કામમાં બહુ ઉપયોગી થઈ પડયા. શિક્ષકમંડળમાં મુખ્ય ચીમનલાલ ભટ્ટ, જુગતરામભાઈ, મકનજીબાબા, શ્રી ગોરઘનભાઈ અમીન, કેદારનાથજીના શિષ્ય શ્રી રમણીકલાલ મોદીનાં પત્ની શ્રીમતી તારાબહેન, પ્રેમશંકર ભટ્ટ વગરે શિક્ષકમંડળમાં આવીને મળ્યા.[૭]

**આશ્રમપ્રેરિત પ્રવૃત્તિઓ :**– શરૂઆતમાં વેડછી આશ્રમમાં ખાદી પ્રવૃત્તિને જે મહત્વ મળ્યું હતું એવુ મહત્વ શિક્ષણની બાબતમાં જોઈ શકાતું નથી. ખાદી પ્રવૃત્તિની સાથે શિક્ષણની પ્રવૃત્તિને સાંકળી લઈ રાનીપરજ પ્રજામાં શિક્ષણનો વ્યાપ વઘે એવો પ્રયાસ સૌપ્રથમ વેડછી આશ્રમમાં જુગતરામદવે દ્વારા કરવામાં આવ્યો હતો. જુગતરામભાઈનો શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય ‘આદિવાસીઓમાંથી આદિવાસીઓના સેવકો પેદા થાય એ રીતે તેમને કેળવવાનો હતો.[૮] શિક્ષણ દ્વારા પરિવર્તન લાવવાનું નકકી કર્યુ.

વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા વેડછીનો સ્વરાજ આશ્રમ રાનીપરજમાં આવેલા પોતાના કાર્યક્ષેત્રમાં ત્યાંના જીવનને ઊંચે ચડાવી રહયો હતો. ચૂનીભાઈએ પહેલેથીજ આ ક્ષેત્રમાં રેંટિયા અને સાળને ગૂંજતાં કરી મૂકયાં હતાં. તે એટલે સુઘી કે બારડોલી સત્યાગ્રહ પછી જયારે સમાઘાન થયું ત્યારે જયારે ગામવાર મહેસૂલની ટકાવારી નકકી કરવામાં આવી ત્યારે વેડછી અને તેની આસપાસના કેટલાક ગામોનું મહેસૂલ એમ કહીને ઊંચે આકરવામાં આવ્યું કે **ખાદી પ્રવૃત્તિ દ્વારા આ આદિવાસીઓના જીવનના ઘોરણમાં સુઘારો થયો હતો.** ઈ.સ.૧૯૨૨ થી ઈ.સ.૧૯૪૧ સુઘીમાં અગિયાર રાનીપરજ પરિષદો ભરાઈ હતી. તેમની પ્રવૃત્તિઓને ગાંઘીવાદીઓએ ટેકો આપ્યો હતો.[૯] ઈ.સ.૧૯૨૫ ના જાન્યુઆરી માસની ૧૮ મી તારીખે ત્રીજી પરિષદ વેડછી ગામને નદી કાંઠે થઈ. તેમાં પ્રમુખ સ્થાને મહાત્મા ગાંઘી હતા. છઠ્ઠી પરિષદ વેડછી પાસેના ખાનપુર ગામે થઈ ત્યારે ત્યાં ભજવવા સારૂ જુગતરામભાઈએ આંઘળાનું ગાડું નામનું નાટક રચ્યું હતું અને આશ્રમના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ મળી તેને ભજવ્યું હતુ. આ પરિષદ એની સાથે ગોઠવાયેલ પ્રદર્શન વગેરેથી ગાંઘીજી ખૂબ પ્રસન્ન થયા હતા.[૧૦]

**ઉદ્યોગ દ્વારા શિક્ષણ :**—ઈ.સ.૧૯૩૭ માં ગાઘીજીએ બુનિયાદી શિક્ષણ પરિષદ વર્ઘામાં ભરી અને બુનિયાદી શિક્ષણ પદ્ધતિ અપનાવી આખા દેશનું પ્રાથમિક શિક્ષણ તે ઘોરણે ચલાવવા તે પરિષદની ભલામણ થઈ કે તરત કૉંગ્રેસી રાજયોએ તેના અમલ માટે પોતપોતાને ત્યાં ત્વરિત પગલાં લીઘાં.મુંબઈ રાજયના કેળવણીમંત્રી તથા મુખ્યમંત્રી બાળાસાહેબ ખેરે તરત રાજયનું એક બુનિયાદી શિક્ષણ બોર્ડ નીમી તેમાં આ વિષયના અનુભવીઓને સભ્યો તરીકે લીઘા.રાજયમાં ત્રણ ભાષા પ્રદેશો હતા. તે દરેકમાં બુનિયાદી પ્રયોગ માટે ૨૦ થી ૩૦ શાળાઓનો એક એક સઘન વિસ્તાર અંકિત કર્યો. ગુજરાત પ્રદેશ માટે વેડછી આશ્રમ ફરતેનો ૨૨ શાળાઓનો ગ્રામપ્રદેશ પસંદ કર્યો. આ રીતે વેડછી આશ્રમમાં આજ સુઘી રાષ્ટ્રીય શિક્ષણનું અને રેટિયા ખાદીનું જે કામ ચાલી રહયું હતું એની એક રીતે કદર કરવામાં આવી. રાજયના શિક્ષણ ખાતાના નિયામકો અને નિરીક્ષકોને હિંદુસ્તાની તાલીમી સંઘમાં બુનિયાદી શિક્ષણની સમજ મેળવવા માટે સેવાગ્રામ મોકલવાનું ગોઠવ્યું. હિન્દુસ્તાની તાલીમી સંઘે તેમના માટે સેવાગ્રામમાં ત્રણ માસના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો શરૂ કર્યા. બુનિયાદી શિક્ષણ શરૂ કરવા માટે પસંદ કરેલી શાળાઓના મુખ્ય શિક્ષકો તરીકે પસંદ કરવામાં આવેલા શિક્ષકોની તાલીમ માટે પણ ત્રણ ભાષા વિભાગોમાં

કોઈ ને કોઈ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓમાં પ્રબંધ કરાવ્યો. તેવો પ્રબંધ ગુજરાતના શિક્ષકો માટે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં કરવામાં આવ્યો. ત્યાં તેમને માટે પણ ત્રણ માસના ટૂંકા ગાળાના વર્ગો ચલાવવામાં આવ્યા.[૧૧]

ઉદ્યોગ દ્વારા શિક્ષણ એ વર્ધા યોજનાનું મુખ્ય અંગ હતું. સ્વાવલંબન એની તેજાબી કસોટી હતી. એ આદર્શને લક્ષમાં રાખી વેડછી આશ્રમે બે વર્ષની જગ્યાએ હવે ચાર વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કર્યો. એમાં કાંતણ, વણાટ ઉપરાંત ખેતીકામ, સુથારીકામ, પશુપાલન, નામું વગેરે વિષયો પણ ઉમેરાયા. બીજા વિષયોમાં ગુજરાતી, હિંદી, સંસ્કૃત વગેરે ભાષાઓ ગણિત અને ટેકનિકલ વિષયોનું જ્ઞાન અને સામાન્ય જ્ઞાનના વિષયો પણ ઉમેરાયા. એમાં શરીર, મન અને હૃદયનો સમતોલ વિકાસ તથા વિજ્ઞાન, કલા અને તાત્વિક વિચારસરણીનો સમન્વય અપેક્ષિત હતો. એટલે હવે વેડછીમાં ઉદ્યોગ અને શિક્ષણનું સમગ્ર માળખું નીચે પ્રમાણે ગોઠવાયું. ૧.વર્ધા યોજના પ્રમાણે શાળા ચલાવવી. ૨.બાળવાડી ચલાવવી ૩.ખાદીકેન્દ્ર ચલાવવું. ૪.ગામડામાં રચનાત્મક કામો માટેનું કેન્દ્ર શરૂ કરવું. ૫.કૃષિ અને પશુપાલન વર્ગો ચલાવવા કે આવા કામો કરનાર સંસ્થાનું સંચાલન કરવું.[૧૨]

આમ,બાળકોને ગળથૂથીમાંથી સંસ્કાર મળે અને વિદ્યાર્થીઓ આદર્શ ગ્રામસેવક બને તે માટેના વ્યવસ્થિત અભ્યાસક્રમો થયા. કૉંગ્રેસ સરકારે એ પ્રયોગોને મંજૂરી આપી. આ નવા અભ્યાસક્રમ માટે યોગ્ય લાયકાતવાળા શિક્ષકો બહારથી લાવવાની જરૂર જણાઈ તો તે પણ લાવવામા આવ્યા. પણ એ પસંદગીમાં વેડછીના આદર્શોને અનુરૂપ શિક્ષકો તરફ વધારે ધ્યાન અપાતું.[૧૩]

વેડછી વગેરે સઘન ક્ષેત્રોના ગામોની શાળાઓનું બુનિયાદીકરણ કરવામાં આવ્યુ. બીજા વધારે શિક્ષકોનો પ્રવાહ સતત મળતો રહે એ ખાતર કતારગામમાં બુનિયાદી શિક્ષણ પદ્ધતિ માટેનું ખાસ અધ્યાપન મંદિર ચાલું કરવામાં આવ્યું. આગળ ઉપર રાજયના સર્વ અધ્યાપન મંદિરો બુનિયાદી પદ્ધતિની તાલીમ આપનારા ચલાવવા એવી નીતિ સ્વીકારવામાં આવી.[૧૪]

આ બધા પગલાઓના પરિણામે છ માસમાં બુનિયાદી સઘન ક્ષેત્રની શાળાઓ કામ કરતી થઈ અને બીજા દોઢ–બે વર્ષમાં બીજા જિલ્લાઓમાં પસંદ કરેલા ગામોમાં પણ આ બુનિયાદી શિક્ષણ ફેલાવા માંડયું.

આગળ જતાં જુગતરામભાઈએ બુનિયાદી બોર્ડ મારફત ગુજરાતની બે શાળાઓ શિક્ષણકામમાં રસ ઘરાવનાર સેવાસંસ્થાઓને સોંપવાની સરકારને ભલામણ કરી. ગુજરાતમાં આવી એક સંસ્થા સુરત જિલ્લામાં વેડછી આશ્રમની હતી અને બીજી ખેડા જિલ્લામાં બબલભાઈ મહેતાની કર્મભૂમી થામણાની હતી. વેડછીની શાળા આ નવી વ્યવસ્થા પ્રમાણે ઈ.સ.૧૯૪૭ ના જુલાઈ માસથી ચાલુ થઈ. તેને શ્રી નારાયણદેસાઈ અને શ્રી મોહનભાઈ પરીખને સંચાલન માટે આપી. સરકારી નિરીક્ષણની છૂટ રાખી.[૧૫]

વેડછી ગામની આ ગ્રામશાળા ફકત ચાર ઘોરણની નાની શાળા હતી અને તેમાં ફકત એક શિક્ષક હતો. આ નવલોહિયા શિક્ષકો આવીને તરત વેડછી ગામનાં બાળકોમાં અને તેમનાં ફળિયાઓમાં સરસ રીતે ભળી ગયા. બે–ત્રણ મહિનામાં તો અહીંની ચૌઘરી બોલી તેમને મોઢે ચડી ગઈ અને બાળકો તથા તેમના મા–બાપ સાથેનો બઘો બોલ–ચાલનો વ્યવહાર તેમણે તે બોલીમાંજ ચલાવવા માંડયો. ગાવું, નાચવુ, નાટક–ચેટક કરવાં, રમતો રમવી આ બઘામાં તેઓ બાળકો સાથે એકરૂપ થઈ ગયા. આના ફળસ્વરૂપે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા વઘવા લાગી અને બે વર્ષમાં તો વેડછી ગ્રામશાળામાં સાતે–સાત ઘોરણો ચાલતા થઈ ગયા અને શિક્ષકોની સંખ્યા પણ ૫–૬ જેટલી કરી લેવી પડી. એક ઓરડીની નિશાળ હતી તે નાની પડી. સરકારની યોજના પ્રમાણે મકાન વઘારવા માટે રકમ મેળવી, પણ તે તો શરતી રકમ હતી. તેની અરઘી રકમ ગામે આપવાની હતી. શ્રી જુગતરામદવેએ જાહેર ફાળો કરી ગામનો ભાગ ઊભો કરી આપ્યો. વાલોડના એક મિત્રની પાસે વેડછીમાં આશ્રમની નજીક થાડી જમીન હતી તેમાંથી તેમણે ૧ એકર ૧ ગુંઠા જમીન શાળા માટે અર્પણ કરી. આમ,વેડછીના બાળકોને વઘારાની ત્રણ ઓરડાની શાળા મળી.[૧૬]

**શિક્ષણનું નવુ પરિમાણ જોડાયું** :– જુગતરામભાઈએ વેડછી આશ્રમમાં આવતાની સાથેજ બે વરસની અદર ચૂનીભાઈના વ્યાપક ખાદી કાર્યની જોડે શિક્ષણનું નવું પરિમાણ જોડી દિઘું હતુ. સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં ગાંઘીજીના રાષ્ટ્રીય શિક્ષણને તેઓ જે રીતે સમજયા હતા તે રીતે વેડછીમાં સ્થાન આપી રહયા . જે આદર્શોને એમણે પોતાના આત્મામાં સેવ્યા હતા તેને વેડછીની ભૂમી પર ચરિતાર્થ કરવા પ્રયાસ કરતા અને પોતાની અસાઘારણ કલ્પના મુજબ એને નવા નવા સ્વરૂપો આપતા ગયા.આ બઘાંને પરિણામે વેડછીના સ્વરાજ આશ્રમનું એક એવું ચરિત્ર વિકસ્યું કે જેણે વેડછીને ગાંઘીના આશ્રમોમાં આખા દેશમાં એક અનોખું સ્થાન અપાવ્યું. એ વર્ષોમાં વેડછીના આશ્રમને જે વિદ્યાર્થીઓ મળ્યા તેમણે આખા

ક્ષેત્રમાં વેડછી આંદોલનની હવા ફેલાવવાનું અને સેંકડો ગામોમાં ગાંધીના રચનાત્મક કાર્યક્રમના મૂળ નાખવાનું કામ કર્યુ. આખા વેડછી ક્ષેત્રમાં આજે જે એક શાંત ક્રાંતિ થયેલી દેખાય છે, તેની પાછળનું એક મોટું બળ એ આ કાર્યકરો હતા. એક આદિવાસી ક્ષેત્રમાં ત્યાંનાજ કાર્યકરો મારફત આટલુ મોટુ સામાજિક અને શૈક્ષણિક પરિવર્તન લાવનાર ક્ષેત્રો આખા દેશમાં જૂજ જ જોવા જડશે.[૧૭]

**શિક્ષણના પ્રયોગો ઘાટ ઘરે છે :**—હરિપુરા કૉંગ્રેસ પછીનાં વર્ષોમાં વેડછીના શિક્ષણ પ્રયોગોએ વિશિષ્ટ આકાર ઘારણ કર્યો. વેડછીમાં ચૂનીભાઈએ નિવાસ શરૂ કર્યો ત્યારથીજ ખેડૂતોના આંગણામાં નાના બાળકોની બાળવાડીની પ્રવૃત્તિ ચાલુ થઈ ગઈ હતી. અલબત્ત તે કાળે તેને બાલવાડીનું નામ અપાયું નહોતું.

**બાલવાડી :**— બાલશિક્ષણના ક્ષેત્રમાં બાલવાડીની કલ્પના એ જુગતરામભાઈનું આગવું પ્રદાન છે. માદામ મોન્ટેસરીના પ્રયોગોમાં પણ તેમણે રસ લીઘો. શ્રી ગિજુભાઈ બઘેકા જોડે એમનો સગાભાઈ જેવો સંબઘ બંઘાયો ત્યારથી બંનેએ સાથે મળીને કેટલીક બાલોપયોગી પુસ્તિકાઓ પણ તૈયાર કરી હતી. બાલવાડી ગિજુભાઈના પ્રયોગોને ભારતના ગરીબ ગામડાઓ સુઘી પહોંચાડવાનો પ્રયાસ હતો. તેઓ કહે છે,'બાળકોના શિક્ષણમાં ઘરકામોને લગતા તેમજ ખેતી આદિ ઉદ્યોગોને લગતા નાનાં—નાનાં કામકાજોને ઉપયોગ કરવો જોઈએ. એવી કલ્પના મન આવ્યા કરતી. મોટા બાળકોના બુનિયાદી શિક્ષણમાં ગ્રામોદ્યોગો જે મહત્વનું સ્થાન ઘરાવે છે તે જ સ્થાન શિશું—શિક્ષણમાં આવા નાના—નાના કામકાજોનું છે એમ હું માનતો થયો હતો.'વેડછીના બાળશિક્ષકોએ એ કલ્પના સાકાર કરી. વેડછી આશ્રમમાંજ તાલીમ પામેલા દશરીબહેન અને કાનજીભાઈ આ કામમાં જોડાયા હતા. ત્યાર બાદ થોડો સમય ગિજુભાઈની અસર વાળા ભગવતી શેલત થોડો સમય આ ક્ષેત્રમાં આવી ગયેલા. દુર્ભાગ્યેજ તેઓ જુવાનીમાંજ ઈશ્વરના પ્યારા થઈ ગયા.પાછળથી વર્ષો સુઘી બાલશિક્ષણને શેલતે આપેલી સેવાનું સ્મરણ કરતાં આગળ ઉપર મઢીમાં બહેન અન્નપૂર્ણા મહેતાએ બાલવાડી પ્રવૃત્તિને વિકસાવી. ત્યારબાદ પોતાની કલ્પનાને બાલવાડી નામના પુસ્તક રૂપે જુગતરામભાઈએ અક્ષરદેહ આપ્યો. ભારતમાં લખાયેલ બાલશિક્ષણ અંગેના શ્રેષ્ઠ સહિત્યમાં તે સહેજે સ્થાન પામે એવું પુસ્તક છે.

ગુજરાત નઈ તાલીમ સંઘે બાલવાડીની પ્રવૃત્તિને ટેકો આપ્યો.વરસો વરસ ઉનાળાની રજાઓમાં બાલવાડી શિક્ષણ શિબિર ભરીને બાલવાડી પ્રવૃત્તિને એક નમૂનાનું રૂપ

આપ્યું.આજે તો આ શિબિરોમાં દાખલ થવા સારૂ સેંકડો લોકો રજા પડે તે પહેલાથીજ આવેદનપત્રો ભરી દે છે. સરકારની કોઈપણ પ્રકારની સહાયતા વિના ચાલતી આ એક એવી પ્રવૃત્તિ છે જે આખા દેશને માર્ગદર્શન કરાવી શકે તેમ છે.

**શિક્ષક તાલીમ વર્ગો :**–સ્વરાજ પહેલાના દિવસોમાં(૧૯૪૬–૪૭)વેડછીમાં બુનિયાદી તાલીમના શિક્ષકોના પાંચ માસના તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા. સુરત જિલ્લાના સ્કૂલ બોર્ડના અધ્યક્ષ તે વખતે શ્રી કલ્યાણજીભાઈ મહેતા હતા. આઝાદી આંદોલનના જુગતરામભાઈના એ સાથીએ સુરત જિલ્લામાં બુનિયાદી તાલીમના વિકાસમાં જુગતરમભાઈને પૂરો સાથ આપ્યો. કલ્યાણજીભાઈ કુશળ વહિવટકર્તા અને સારા માણસ પારખુ હતા. જુગતરામભાઈની ગાંધીનિષ્ઠાના એ ભારોભાર પ્રશંસક હતા. તેથી એ લોકોએ બુનિયાદી તાલીમના પ્રયોગક્ષેત્ર તરીકે વેડછીની આસપાસનું ક્ષેત્ર પસંદ કર્યુ. વેડછીમાં એ શિક્ષકોને તાલીમ અપાતી હતી. રોજ સવારે 'મહાસફાઈ'માં પાયખાનાની ડોલો ઉપાડીને સફાઈ કરતા જુગતરામભાઈએ લોકોને જીવન દ્વારા શિક્ષણ આપ્યું.[૧૮]

**ક્ષમતાવાળી શિક્ષણ પદ્ધતિ–બુનિયાદી શિક્ષણમાં નઈતાલીમ :–**

ગાંધીજીએ કહેલું,**'નઈ તાલીમનું મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પુરુ થવા દીધું તો હિંદુસ્તાનનો નકશોજ બદલાઈ જશે.'** જે છોકરાઓ શાળા કોલેજોમાં શિક્ષણ મેળવે છે તેમને અક્ષરજ્ઞાન ભલે મળતું પણ જીવનને માટે અક્ષરજ્ઞાન ઉપરાંત બીજું પણ કંઈક છે. એ અક્ષરજ્ઞાન આપણાં બીજા અંગોને નકામા બનાવી દે તો હું કહીશ–''મારે તમારું અક્ષરજ્ઞાન નથી જોઈતુ'' સારાંશ એ કે હરેક પ્રકારના શરીરશ્રમ કરનારા જોઈએ અને એની સાથે સૌને માટે અક્ષરજ્ઞાન પણ જોઈએ.

નઈ તાલીમ એટલે બુનિયાદીમાં તેના વિદ્યાર્થીના પ્રત્યેક અંગને કામ મળશે. તેની બુદ્ધિ અને હાથ સાથે ચાલશે. લોકો હાથે કામ કરશે ત્યારે બેકારી અને ભૂખમરાનો તો સવાલજ નહિ રહે. નઈતાલીમ અને ગ્રામોદ્યોગ એકજ સિકકાની બે બાજુઓ છે. એ બંને સફળ થશે તોજ સાચું સ્વરાજ આવશે.

શિક્ષણલેતા બાળકોમાં શિક્ષણ, શરીરશ્રમ, સમૂહજીવન, આત્મશ્રદ્ધાના સંસ્કાર દ્રઢ થશે તો સમાજ માટે અને રાષ્ટ્રમાટે નાગરિક તરીકેના પ્રશ્નો હલ કરવામાં મુશ્કેલી ના રહે. સમાજજીવન માટે સુસજ્જ નાગરિક મળી રહેશે.

બાળકોની નવી પેઢી ભણેતો છે. પણ તેમાં કમાવવાનું અને સાહેબ બનવાનું એક સાધન સમજીને ભણે છે. જૂના ભણતરનું એવું જ્ઞાન જેમ ફેલાતું રહયું તેમ–તેમ બેકારી વધી, મહેનત કર્યા વિના અને લાયકાત વધાર્યા વિના સાહેબ અને અમલદાર તથા ધનવાન બનવાના ઓરતા જીવનમાં પેસી ગયા. આ બધુ જોઈને નેતાઓ ગભરાતા જોવામાં આવે પણ મહાત્મા ગાંધીજીની નઈતાલીમને હસવાનું પણ ચાલુંજ રાખેલુ.

નઈતાલીમ એટલે તેની ૦પૂર્વ બુનિયાદી બાલવાડી ૦ બુનિયાદી શાળા ૦ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ૦ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલય ૦ગાંધી વિદ્યાપીઠ–આ સંસ્થાઓના શિક્ષણમાં ૦ઉદ્યોગ ૦ સમાજસેવા ૦ સમૂહ જીવન ૦ શ્રમપ્રત્યે–કામપ્રત્યે અપ્રતિમ નિષ્ઠા વગેરેથી ચાલતું બુદ્ધિ અને હાથ–પગના, શ્રમના અપ્રતિમ સાહચર્યથી થતું શિક્ષણ તે બુનિયાદી શિક્ષણ તેજ નઈ તાલીમ.

ગાંધી વિદ્યાપીઠ વેડછીના સમાજસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ–બહેનોએ શિક્ષણ,સમાજસેવા,સમૂહજીવન,શ્રમપ્રત્યેનિષ્ઠા, સ્વાશ્રય વગેરે ગુણોનું સિંચન કરતી મહાસેવા ગુજરાત બહાર જઈને આપી છે.આમ,નઈ તાલીમે વેડછીને ભારતના નકશામાં સ્થાન અપાવ્યું છે.

નઈતાલીમમાં વિદ્યાર્થીને, દેશના ભાવિ નાગરિકને દેશના નવનિર્માણનો કાર્યકર્તા બનાવવો છે અને નવિન સમાજ રચના માટે લાયક બનાવવો છે. માટે તેના શિક્ષણમાં ઉદ્યોગ–વિજ્ઞાન–સમાજસેવા–પ્રાર્થના આદિ વિષયો પ્રથમથીજ દાખલ કરવામાં આવે છે.

શ્રી જુગતરામભાઈના પિંડમાં ત્રણે ગુણો શિક્ષણ, ઉદ્યોગ અને અધ્યાત્મના રસાયણનું મિશ્રણ થઈ રહયું હતુ. કારણ કે ૧.કાકા સાહેબ અને તેના અધ્યાપક મંડળની ૨. મગનલાલ ગાંધી અને તેના શિષ્ય મંડળ તથા ૩.ગીતા ભકત વિનોબા ભાવે ત્રણેયના રાષ્ટ્રીય શિક્ષણના મહાપ્રયોગની જાણ્યે–અજાણ્યે અસર હતી. એ ત્રણેય ગુણોનું પ્રગટીકરણ વેડછીના એમના પ્રયોગોમાં થયું છે.

**નઈતાલીમની પૂર્વભૂમિકા** :–અંગ્રેજ સરકાર સામેની લડતના ભાગરૂપે ગાંધીજીએ અંગ્રેજ શિક્ષણના બહિષ્કારનો બુંગિયો વગાડયો. ને ભારતીય સંસ્કૃતિમાં જેના મૂળિયાં હોય, તેવુ શિક્ષણ આપવા તેમણે ઈ.સ.૧૯૨૦ માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને મુકિત માટેના શિક્ષણની શરૂઆત કરી.

અંગ્રેજ સરકાર ભારતમાં દારૂના વેચાણની જકાતમાંથી જે શિક્ષણ ચલાવતી હતી. તેમાંથી દેશની ઊગતી પેઢીને અને યુવાન પેઢીને બચાવી લેવા નઈતાલીમની શિક્ષણ પદ્ધતિ દેશને આપી.

દક્ષિણ આફ્રિકાના ગાંધીજીના બે આશ્રમો ફિનિક્સ આશ્રમ અને ટોલસ્ટોય ફાર્મ દ્વારા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં પ્રદાન કર્યુ. તેઓ ઈ.સ.૧૯૧૫ માં ભારત આવ્યા અને અમદાવાદમાં કોચરબ આશ્રમ સ્થાપ્યો. બધેજ આશ્રમ પરિવારના બાળકોનું શિક્ષણનું કાર્ય તેમણે શરીરશ્રમ ઉદ્યોગ સાથે ગોઠવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠ સ્થાપવામાં દક્ષિણ આફ્રિકાના ઉપરોક્ત બે આશ્રમોના શિક્ષણના અનુભવો એ ગાંધીજીના શિક્ષણ પદ્ધતિની પૂર્વભૂમિકા હતી.

**પ્રથમ વિશિષ્ટ પુરુષાર્થ સુરત જિલ્લામાં :–** ગાંધીજીએ ઈ.સ.૧૯૩૭ માં પાયાની કેળવણીનો મહામંત્ર દેશના શિક્ષણક્ષેત્રે આગળ મૂકયો. એ શિક્ષણના રથને એક મંઝિલ સુધી પહોંચાડવાનો વિશિષ્ટ પુરુષાર્થ સુરત જિલ્લાની આશ્રમી સંસ્થાઓ દ્વારા ચાલ્યો છે.રાનીપરજ પ્રજામાં વ્યાપક કેળવણી પહોંચાડવી હોય તો કાંતણ–વાણાટ જેવા ઉદ્યોગો કેન્દ્રમાં રાખીને શિક્ષણ સંસ્કાર આપે તેવા આશ્રમો ઠેક ઠેકાણે ચાલવા જોઈએ. આ યોજનાને સરદાર વલ્લભભાઈનો ટેકો મળ્યો હતો.

વેડછીમાં માત્ર ખાદીકામ ચાલતું. એમાંથી બાલવાડી, બુનિયાદી શાળા, ઉત્તર બુનિયાદી વિદ્યાલય, શિક્ષક તાલીમ અધ્યાપન મંદિર, ગાંધીવિદ્યાપીઠ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ શિક્ષણ– કેળવણીનું કામ કરવા લાગી ગઈ. બુનિયાદી શિક્ષણની પ્રવૃત્તિઓ વાલોડ મહાલમાંથી વ્યારા, વાંસદા, ધરમપુર અને ડાંગ વિસ્તારમાં ફાલી–ફૂલી. નાના–મોટા કાર્યકર ત્યાંની જંગલ સહકારી મંડળીઓમાં બેસીને કામ કરવા લાગ્યા. બાલવાડી, બુનિયાદી, ઉત્તર બુનિયાદી વગેરે ઠેર–ઠર ચલાવવા લાગ્યા.

**બુનિયાદી શાળામાં નઈ તાલીમ :–**દેશને પ્રદેશને જેવી જરૂરિયાત તેવું શિક્ષણ આપ્યું. જેમકે બાળકોને ગંદા કપડામાં જોઈને તેમને સૌને વેડછીના ગંગાકુંડે નવડાવવા લઈ ગયા. તો ખબર પડી કે ૬૩ બાળકોમાંથી ૬૦ બાળકો પાસે બદલવા સારુ બીજાં કપડાંજ નહોતા. તેથી લક્ષ્યાંક કર્યો કે સૌ બાળકોને કપડાં બનાવતાં કરી દેવાં. આમ, કરવામાં તેમણે સ્કૂલબોર્ડના નિયમનો ભંગ એ રીતે કર્યો કે બાળકો જેકંઈ કાંતશે તેનાં કપડાં બાળકોને મળશે. તેવો સંકલ્પ કર્યો. વર્ષાન્તે ગ્રામશાળા વેડછીના બાળકોને હાથે કાંતેલા સૂતરના

વણેલા કપડાં અથવા સૂતરના બદલામાં મેળવેલી ખાદીના એક એક જોડ કપડાં સજ્જ બાળકોથી ગ્રામશાળા શોભી રહી.

બે નવા પડછંદ ચોખ્ખા કપડાંવાળા શિક્ષકો ૧.શ્રી નારાયણભાઈ દેસાઈ અને ૨.શ્રી મોહનભાઈ પરીખને જોઈને આદિવાસી બાળકો ડરતાં હતાં. તેથી તેમને ગ્રામશાળામાં મુક્ત વાતાવરણ આપ્યું. **વૃક્ષ નીચે કે વૃક્ષ ઉપર શિક્ષણના વર્ગો ચાલ્યા.** જરૂર પડી ત્યાં ત વિષયમાં ગુજરાતીને બદલે આદિવાસી ચૌધરી બોલીનો શિક્ષણમાં ઉપયોગ કર્યો. શિક્ષણની સભામાં બાળકોનું પ્રતિનિધિત્વ સક્રિય રહયું. રમત–ગમતમાં રાજયકક્ષા સુધી રમ્યા. શાળાના મોટા વૃક્ષની ફરતે છાણ માટીથી બનાવેલ ચોતરા પર ચિત્રકામ તથા હાથ–કાગળ ઉપર ચિત્રોને શંકરની આંતરરાષ્ટ્રીય બાળચિત્રની હરીફાઈમાં પુરસ્કાર મેળવ્યો.

એકવાર ઉમાશંકર જોષી જોડે ગ્રામશાળાના બાળકોએ 'કવિ સંમેલન' ગોઠવ્યું. એમાં એક ગીત કે કાવ્ય કવિએ ગાવાનું અને એક બાળકવિએ ગાવાનું એવો ક્રમ રાખેલો. તે વખતે શિક્ષકનું ગૌરવ કરવા ભલેને હોય પણ તે ટાણે ઉમાશંકરે જાહેર કરેલું, 'આમાંથી કેટલાક કાવ્યની નીચે હું ખુશીથી સહી કરી આપવા તૈયાર છું.

શાળામાં આવતા ત્રીજા ભાગના બાળકોને પૌષ્ટિક ખોરાકના અભાવે રતાંધળાનો રોગ હતો. તેમને એક માસ સુધી રોજ માત્ર ૧ કપ દૂધ પીવડાવવાથી એ રોગ ગયો ત્યાં સુધી કાળજી રાખી. બાળકોના શિક્ષણનો આર્થિક બોજો ઘર પર ન પડે તેની કાળજી રાખી, રજાના દિવસોમાં મજૂરી કરી પૈસા બચાવી તેમાંથી ઉત્તરમાં આબુ અને દક્ષિણમાં મુંબઈ સુધીના શૈક્ષણિક પ્રવાસો ગોઠવ્યા.

શિક્ષણની પરીક્ષા ઉપરના અંકુશમાં વિદ્યાર્થીઓનો અભિપ્રાય પણ ધ્યાનમાં લીધો. શાળાના શિક્ષકોની જવાબદારી ત્રણ–ત્રણ મહિને બદલવાનો રિવાજ રાખ્યો. શરૂઆતમાં થોડી મુશ્કેલી પડી. પણ લાંબે ગાળે શિક્ષકોની કાર્યક્ષમતા વધી. આજે લગભગ ત્રીસ કરતાં વધુ વર્ષ થયાં. ગ્રામશાળા વેડછીએ પ્રાપ્ત કરેલી પ્રીતિ, મુકિત અને અભિવ્યકિતની પરંપરાઓ વડછીની શાળામાં તથા વેડછીની સુગંધ બીજી બુનિયાદી શાળાઓ સુધી પહોંચેલી આજે પણ જોવામાં આવે છે.

**વ્યાપ અને નઈતાલીમથી ગુણચિંતન :–** આમ, આ પ્રાથમિક સ્તરની બુનિયાદી તાલીમથી નાનાં બાળકોમાં શિક્ષણ, શ્રમ, સમૂહજીવન, સમાજસેવા, સ્વાશ્રયીપણું વગેરેના

કિમતી ગુણોનું સિંચન થયું. આશ્રમશાળાઓ, કુમાર–કન્યા છાત્રાલયો તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરતા આદિવાસી કુમાર–કન્યાઓનો નઈતાલીમના શિક્ષણથી તેમનામાં શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ ઘણો સારો થયેલો. તેમનામાં શ્રમ પ્રત્યે નિષ્ઠા, સમૂહજીવન જીવવાનો સંસ્કાર, ખડતલપણું, સ્વયંસેવક તરીકે કાર્યકરવાની ભાવના સાદાઈથી રહેવાની સુટેવો તથા રાષ્ટ્રીય ભાવના પણ નોંધપાત્ર વિકસતી. ઉપરોક્ત સંસ્થાઓના કુમાર–કન્યાઓએ નઈતાલીમના શિક્ષણને સફળ કરવા મોટો ફાળો આપેલો છે.[૧૯]

**ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં નઈતાલીમનું શિક્ષણ** :–વેડછી આજે પણ દેશના નઈતાલીમના મુખ્ય કેન્દ્રો પૈકી એક છે. નઈતાલીમના આદ્યઆચાર્યો પૈકી એક ઝાકીરહુસેન સાહેબે નિરાશાની કોઈક ઘડીમાં એવા ઉદ્‌ગાર કાઢેલા કે નઈ તાલીમ નિષ્ફળ ગઈ છે. રાષ્ટ્રપતિ તરીકે જયારે તેમણે વેડછીની મુલાકાત લીઘી ત્યારે તેમને નિરાશાના વાદળો વચ્ચે આશાનું રૂપેરી કિરણ દેખાયું હતું.[૨૦]

**નામ પડયા પહેલાંની નઈતાલીમ** :–નઈતાલીમનું જયારે નામ પણ નહોતું પડયું ત્યારથી વેડછી નઈતાલીમનું કેન્દ્ર રહયુ છે. આજે આટલા વર્ષો પછી પણ એ નઈ તાલીમનો એક નમૂનો પૂરો પાડે છે. ઈ.સ.૧૯૨૬ માં જયારે જુગતરામભાઈ ચૂનીભાઈ સાથે વેડછી આવી રહયા ત્યારથી વેડછીની ખાદી પ્રવૃત્તિને શિક્ષણનો રંગ લાગ્યો. જુગતરામભાઈનું વ્યકિતત્વજ ગાંઘીમૂલ્યોને શિક્ષણક્ષેત્રે ચરિતાર્થ કરતું છે.[૨૧]

**સમાપન** :– જે–જે વિસ્તારમાં બુનિયાદી શાળાઓ થઈ તેજ વિસ્તારમાં ઉત્તરબુનિયાદી વિદ્યાલયો શરૂ થયાં. ત્યાં વિષય શિક્ષણ, ઉદ્યોગ શિક્ષણ અને સમાજસેવાના કામો જેવી પ્રવૃત્તિઓ શકય થઈ. વેડછીની કેન્દ્રિય સંસ્થા એવી રાનીપરજ સેવાસભા દ્વારા આ વિસ્તારમાં અનેક બુનિયાદી શાળાઓ શરૂ કરવામાં આવી. એમાં સ્વરાજ આશ્રમ વેડછીનું ઉત્તર બુનિયાદી વિદ્યાલય, સરદાર કન્યા વિદ્યાલય બારડોલી, મઢીનું વાત્સલ્યઘામ, કલમકુઈનું વનપથ, લખણીનું અરૂણાચલ, ગડતનું આરાઘના, ડોલવણનું વેણુવન,પંચોલનું વનાંચલ, બોરદા, ઉમરદા, ટોકરવાના વિદ્યાલયો, હળપતિ સેવાસંઘના ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, ખાદી કુટિર–વેડછીના ગોપાળપુરા, વાડી ભેંસરોટ, બોરીસાવર, ખરવાણ, ઘરમપુર વિસ્તારના ઉ.બુ.વિદ્યાલયો, ગ્રામસેવાસમાજ મહુવાના ખરવણ, વહેવલના ઉ.બુ.વિદ્યાલયો, સાંબા પ્રદેશ મહુવાનું સંસ્કાર નિકેતન વગેરે વિદ્યાલયો, વેડછી પ્રદેશના

આદિવાસી વિસ્તારોમાં નઈતાલીમની દિશામાં કેવી પ્રગતિ સાધી છે તેની સાક્ષી આપે છે. ઉ.બુ.વિદ્યાલયોમાં કૃષિગોવિદ્યા, કાંતણ, વણાટનું ઉદ્યોગશિક્ષણ, સમૂહભાવના, સમાજસેવા, સાદાઈ, રાષ્ટ્રીયવિચારોનું સિંચન, ખાદી વેશપરિધાન વગેરેમાં પ્રશંસનીય કામગીરીથી બુનિયાદી શિક્ષણની સુવાસ પ્રસરાવી છે. આ સંસ્થાઓની અંતરિયાળ જંગલ વિસ્તારોમાં શિક્ષણની કામગીરીને લીધે આ વિસ્તારનો આદિવાસી સમાજ શિક્ષત બન્યો. તાડીના વ્યસનમાંથી છૂટયો અને અધિકારી બન્યો. અંધશ્રદ્ધા મુકત બન્યો તેથી વિકસીત બન્યો. સ્વાતંત્ર્ય ચળવળમાં પણ ભૂમિકા અદા કરેલી. આ ભૂમિ નકસલવાદ મુકત બની. વેડછી આદિવાસી વિકાસનું કેન્દ્ર બન્યું. આ ઉત્તરબુનિયાદી વિદ્યાલયોના વિદ્યાર્થી આલમનું નાગરિક તરીકેનું ઘડતર, શ્રમનિષ્ઠા, સ્વાશ્રય વગેરે મૂલ્યવાન ગુણોનું નોંધપાત્ર સિંચન જોવા મળે છે.

- **<u>પાદટીપ</u>** :–

૧. શાહ ગુણવંતભાઈ,'અભિયાન–કાર્ડિયોગ્રામ'જુલાઈ–૨૦૦૬ નો અંક પૃ.૧૦

૨. દવે જુગતરામ,'મારી જીવનકથા',નવજીવન ટ્રસ્ટ અમદાવાદ–૧૯૭૫ પૃ.૬૮

૩. પટેલ મંછારામ,'વેડછી આદિવાસી ક્રાંતિનું કેન્દ્ર, ગાંધીવિદ્યાપીઠ વેડછી–૨૦૦૭ પૃ.૩૫

૪. દવે જુગતરામ–પૂર્વોકત,ક્રમાંક(૨) પૃ.૬૯

૫. દેસાઈ આઈ.પી.,'વેડછી આંદોલન',સેન્ટર ફોર સોશ્યલ સ્ટડી,સુરત–૧૯૮૨ પૃ.૪૬

૬. દેસાઈ નારાયણ,'વેડછીનો વડલો',ગ્રામસેવા સમાજ,વ્યારા–૧૯૮૪ પૃ.૧૪૦

૭. એજન પૃ.૧૪૧

૮. ખરવાસિયા હિતેન્દ્રસિંહ,'ગુજરાતની ગાંધાવાદી રચનાત્મક સંસ્થાઓ અને ભારતના રાષ્ટ્રીય આંદોલનો,શોધપત્ર પૃ.૫

૯. દેસાઈ નારાયણ–પૂર્વોકત,ક્રમાંક(૬) પૃ.૩૩૦

૧૦. દેસાઈ નારાયણ–પૂર્વોકત,ક્રમાંક(૬) પૃ.૧૪૨

૧૧. દવે જુગતરામ–પૂર્વોકત,ક્રમાંક(૨) પૃ.૨૧૨

૧૨. મોદી રમણ,'રચનાત્મક કાર્યક્રમોનું સામાજિક દર્શન,ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૯૭૭ પૃ.૧૮૧

૧૩. એજન પૃ.૧૮૧

૧૪. દવે જુગતરામ–પૂવોંકત,ક્રમાંક(૨) પૃ.૨૧૨

| | | |
|---|---|---|
| ૧૫. | પટેલ મંછારામ–પૂર્વોક્ત,ક્રમાંક(૩) | પૃ.૪૪ |
| ૧૬. | દવે જુગતરામ–પૂર્વોક્ત,ક્રમાંક(૨) | પૃ.૨૧૩ |
| ૧૭. | દેસાઈ નારાયણ–પૂર્વોક્ત,ક્રમાંક(૬) | પૃ.૧૪૫ |
| ૧૮. | એજન | પૃ.૧૬૦ |
| ૧૯. | પટેલ મંછારામ–પૂર્વોક્ત,ક્રમાક(૩) | પૃ.૪૬ |
| ૨૦. | દેસાઈ નારાયણ–પૂર્વોક્ત,ક્રમાંક(૬) | પૃ.૧૬૬ |
| ૨૧. | એજન | પૃ.૧૬૬ |